GJBK010010132026

**આંક. ૧ લગત હુકમ**

(૧) અરજદાર તરફે વિ. વ. શ્રી હાજર છે. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, અરજદાર વિરૂધ્ધ થરાદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૯૯૬૦૦૬૨૬૦૨૧૨/૨૦૨૬, એન. ડી. પી. એસ. એકટની કલમ ૮ (સી), ૨૧(બી), ૨૨(બી), ૨૯ મુજબનો ગુનો નોંધાયેલો છે. તે બાબતે તેમણે હાલની આ જામીન અરજી રજૂ કરેલ છે. આ કામે રેકર્ડ જોતાં તેમણે આ કામે એફ. આઇ. આર. રજૂ કરેલ છે અને ડી. ઈ. લીસ્ટ માં તે પ્રમાણે એફ. આઇ. આર. રજૂ કરેલાનું જણાવેલ છે જે એફ. આઇ. આર. રજૂ કરેલ છે તે અન્ય ગુનાની છે. આમ અરજીમાં જણાવેલ વિગતો પ્રમાણેના દસ્તાવેજો ન હોવાથી અદાલત હાલની અરજી નિર્ણીત કરી શકે તેમ નથી.

તે ઉપરાંત એ. પી. પી. શ્રી હાજર રહેલ છે અને તેઓએ પણ રજૂઆત કરેલ છે કે, અરજદારે અદાલતની ફાઈલમાં રજૂ થયેલ દસ્તાવેજ ઉપર આધાર રાખેલ છે તેની પણ કોપી તેમણે પૂરી પાડેલ નથી. આમ અરજદારે અરજીમાં રજૂ કરવા માટે જે જરૂરી દસ્તાવેજો રજૂ કરવા જોઇએ અને સામાવાળાને તેની નકલો પૂરી પાડવી જોઇએ તે પ્રમાણેની કોઇ કાર્યવાહી કરેલ ન હોવાથી અરજી રજૂ કરેલ દસ્તાવેજના આધારે નિર્ણીત થઇ શકે તેમ ન હોવાથી કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

અરજદાર ઇચ્છે તો નવેસરથી પણ સાચા દસ્તાવેજો રજૂ કરી સામાવાળાને તેની નકલો પૂરી પાડી અરજી રજૂ કરી શકે છે.

હાલની અરજી તે રીતે કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મું. પાલનપુર.
તા. ૨૫/૦૩/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઇ પટેલ)**
ત્રીજા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૦૩